Extra No. 617

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

### PUBLISHED BY AUTHORITY

**Vol. LXVI ] TUESDAY, JUNE 24, 2025 / ASHADHA 3, 1947**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

**PART I-B**

**CENTRAL SECTION**

**Government Notifications Published Under Land Acquisition Act Only**

**REVENUE DEPARTMENT**

**NOTIFICATION**

Sachivalaya, Gandhinagar, 23rd June, 2025

**(The Right to Fair Compensation and Transparency in Land Acquisition, Rehabilitation and Resettlement Act, 2013) (30 of 2013)**

**District : Dahod**

**No: AM-M-2025-419-LDH-1224-610-CH:** Whereas it appears to the Government of Gujarat that, the land specified in the SCHEDULE annexed hereto, is likely to be required to "Executive Engineer, Road and Building (State) Division, Dahod" (hereinafter referred to as "The Requiring Body") for the public purpose for construction of infrastructure project of "Construction of Railway Overbridge on Godhra-Ratlam Railway Line Level Crossing No.32" (hereinafter referred to as "The Public Purpose Project").

1. Now whereas, the Government of Gujarat, Revenue Department has, in exercise of the powers conferred, by section 10A [inserted by section 3 of The Right to Fair Compensation and Transparency in Land Acquisition, Rehabilitation and Resettlement (Gujarat Amendment) Act, 2016(Gujarat Act No. 12 of 2016)] of The Right to Fair Compensation and Transparency in Land Acquisition, Rehabilitation and Resettlement Act, 2013 (30 of 2013) (hereinafter referred to as "The Act") exempted, in public interest, by Notification No.AM-M-2024-237-LDH-1224-610-CH, Dated:12/06/2024, published in the Extraordinary Gazette of Gujarat Government, the below mentioned Scheduled area of land, to be acquired for the infrastructure project of the construction of "Construction of Railway Overbridge on Godhra-Ratlam Railway Line Level Crossing No.32" from the application of the provisions of Chapter II and III of The Act, and

2. Now whereas, in exercise of the powers, conferred by sub-section (1) of section 43 of The Act, The Government of Gujarat has appointed, Prant Officer, Limkheda as the officer of Rehabilitation and Resettlement in respect of the scheduled land to be acquired for construction of the captioned infrastructure project, and

3. Now whereas, in exercise of the powers conferred by sub-section (1) of section 11 of "The Right to Fair Compensation and Transparency in Land Acquisition, Rehabilitation and Resettlement Act, 2013 (30 of 2013) (hereinafter referred to as The Act), the Government of Gujarat, has notified, vide Notification No. AM-M-2025-11-LDH-1224-610-CH, Dated: 04/01/2025 that the said scheduled land is required for the public purpose specified here above,

4. And whereas, the Government of Gujarat is satisfied after considering the report made by Prant Officer, Limkheda under sub-section (2) of section 15 of The Act, that the said land is needed to be acquired for "The Public Purpose Project" specified in the schedule hereto, and

5. Now therefore, in exercise of the powers conferred by sub-section (1) of section 19 of The Act, the Government of Gujarat hereby declares that the said scheduled land is required for the public purpose specified in the schedule hereto.

6. In exercise of the powers conferred by clause (g) of section -3 of The Act, the Government of Gujarat hereby appoints, Prant Officer, Limkheda to perform the functions of a Collector, for all proceeding hereinafter to be carried out under The Act, in respect of the said scheduled lands.

7. The Plans of scheduled lands can be inspected at the Office of Prant Officer, Limkheda.

**SCHEDULE**

**District : Dahod** **Taluka : Limkheda** **Village : Paniya**

| Sr. No. | Survey / Block No. | Area (in He.are.sq.mtr) |
|---|---|---|
| 1 | 35 | 0-08-26 |
| 2 | 203 | 0-06-78 |
| 3 | 203 Paiki | 0-10-08 |
| 4 | 202/2 B | 0-03-25 |
| 5 | 202/2 A | 0-03-55 |
| 6 | 207/1 | 0-08-25 |
| 7 | 208/2 | 0-02-08 |
| 8 | 208/3 | 0-01-52 |
| 9 | 208/4 | 0-01-98 |
| 10 | 208/5 | 0-02-13 |
| 11 | 209 | 0-12-93 |
| 12 | 210/1 | 0-03-75 |
| 13 | 210/2 | 0-03-23 |
| 14 | 211 | 0-07-53 |
| 15 | 213/4 | 0-01-15 |
| **Total Area (in He.are.sq.mtr)** | | **0-76-47** |

By order and in the name of the Governor of Gujarat,

**PRERAK J. PATEL,**

Deputy Secretary to Government.

**મહેસૂલ વિભાગ**

**જાહેરનામું**

સચિવાલય, ગાંધીનગર, ૨૩મી જૂન, ૨૦૨૫

**(જમીન સંપાદન, પુનઃસ્થાપન અને પુનર્વસનમાં વાજબી વળતર અને પારદર્શિતા અધિકાર અધિનિયમ-૨૦૧૩) (૨૦૧૩નો ૩૦મો)**

**જિલ્લો : દાહોદ**

**ક્રમાંકઃ અમ-મ-૨૦૨૫-૪૧૯-જદહ-૧૨૨૪-૬૧૦-ચઃ** આ સાથે સામેલ અનુસૂચિમાં દર્શાવવામાં આવેલ જમીનની જાહેર હેતુ માટે એટલે કે, “ગોધરા-રતલામ રેલ્વે લાઇનના ફાટક નં. ૩૨ ઉપર રેલ્વે ઓવરબ્રીજના નિર્માણ" (જેનો આમાં હવે પછી જાહેર હેતુની યોજના એમ ઉલ્લેખ કરવામાં આવેલ છે તે) ના આંતરમાળખાકીય પ્રોજેક્ટના બાંધકામ માટે “કાર્યપાલક ઇજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ (રાજ્ય) વિભાગ, દાહોદ” (જેનો આમાં હવે પછી સંપાદક સંસ્થા એમ ઉલ્લેખ કરવામાં આવેલ છે તે) ને જરૂર પડવાનો સંભવ છે એવું ગુજરાત સરકારને જણાય છે.

(૧) હવે જ્યારે ગુજરાત સરકારના અસાધારણ રાજ્યપત્રમાં પ્રસિદ્ધ થયેલ મહેસૂલ વિભાગના જાહેરનામા ક્રમાંકઃ અમ-મ-૨૦૨૪-૨૩૭-જદહ-૧૨૨૪-૬૧૦-ચ તા.૧૨/૦૬/૨૦૨૪થી ગુજરાત સરકારે જમીન સંપાદન, પુનઃસ્થાપન અને પુનર્વસનમાં વ્યાજબી વળતર અને પારદર્શિતા અધિકાર અધિનિયમ-૨૦૧૩ (૨૦૧૩નો ૩૦મો) (જેનો આમાં હવે પછી સદરહુ અધિનિયમ તેમ ઉલ્લેખ કરવામાં આવેલ છે) તેની કલમ-૧૦(એ) [(જમીન સંપાદન, પુનઃસ્થાપન અને પુનર્વસનમાં વાજબી વળતર અને પારદર્શિતા અધિકાર (ગુજરાત સુધારો) અધિનિયમ-૨૦૧૬) (૨૦૧૬ના ગુજરાત અધિનિયમ નં-૧૨ ની કલમ-૩ થી દાખલ કરેલ)] થી મળેલ અધિકારો અન્વયે રાજ્ય સરકારે જાહેર હિતમાં “ગોધરા-રતલામ રેલ્વે લાઇનના ફાટક નં. ૩૨ ઉપર રેલ્વે ઓવરબ્રીજના નિર્માણ”ના જાહેર હેતુ માટેના આંતરમાળખાકીય પ્રોજેક્ટ માટે સંપાદન કરવાની નીચે જણાવેલ અનુસૂચિ ક્ષેત્રફળની જમીનને, ‘સદરહુ અધિનિયમ’ના પ્રકરણ-૨ અને ૩ જોગવાઈઓની અમલવારીમાંથી મુક્તિ આપેલ છે. અને

(૨) હવે જ્યારે રાજ્ય સરકારે સદરહુ અધિનિયમની કલમ-૪૩(૧) મુજબ પ્રાંત અધિકારી, લીમખેડાને ઉલ્લેખિત આંતરમાળકિય પ્રોજેક્ટના બાંધકામ માટેની અનુસૂચિત વિસ્તારની જમીનના સંપાદનના સંબંધમાં પુનઃસ્થાપન અને પુનઃવસનના અધિકારી તરીકે નિમણૂક કરેલ છે, અને

(૩) હવે જ્યારે જમીન સંપાદન, પુનઃસ્થાપન અને પુનર્વસનમાં વાજબી વળતર અને પારદર્શિતા અધિનિયમ-૨૦૧૩ (૨૦૧૩નો ૩૦મો) (જેનો હવે પછી સદરહુ અધિનિયમ તેમ ઉલ્લેખ કરવામાં આવેલ છે તે) ની કલમ-૧૧ ની પેટા કલમ-(૧) થી મળેલ અધિકાર અન્વયે ગુજરાત સરકારે જાહેરનામા ક્રમાંકઃ અમ-મ-૨૦૨૫-૧૧-જદહ-૧૨૨૪-૬૧૦-ચ તા.૦૪/૦૧/૨૦૨૫ થી ઉક્ત જમીન, ઉપરોક્ત સાર્વજનિક હેતુ માટે જરૂરી છે, તેમ જાહેર કરેલ છે, અને

(૪) હવે જ્યારે સદરહુ અધિનિયમની કલમ-૧૫ની પેટા કલમ-૨ નીચેના પ્રાંત અધિકારી, લીમખેડાના અહેવાલને વિચારણામાં લીધા બાદ રાજ્ય સરકારને એવો સંતોષ થયેલ છે કે, સદરહુ અનુસૂચિત જમીનો સદરહુ જાહેર હેતુની યોજના માટે જરૂરી છે, અને

(૫) તેથી હવે, “સદરહુ અધિનિયમ”ની કલમ-૧૯(૧) થી મળેલ અધિકારો અન્વયે રાજ્ય સરકાર આથી સત્તાવાર જાહેરાત કરે છે કે, સદરહુ અનુસૂચિત જમીનો સદરહુ જાહેર હેતુની યોજના માટે જરૂરી છે.

(૬) ગુજરાત સરકાર સદરહુ અધિનિયમની કલમ-૩(જ) થી મળેલ સત્તા અન્વયે, ઉક્ત જમીનના સંબંધમાં સદરહુ અધિનિયમ નીચે હવે પછી કલેક્ટર તરીકે કરવાના તમામ કાર્યો બજાવવા માટે, પ્રાંત અધિકારી, લીમખેડાની નિમણૂક કરેલ છે.

(૭) સદરહુ અનુસૂચિત જમીનના નકશા, પ્રાંત અધિકારી, લીમખેડાની કચેરી ખાતે તપાસી શકાશે.

**અનુસૂચિ**

**જિલ્લો: દાહોદ** **તાલુકો: લીમખેડા** **ગામ: પાણીયા**

| અ.નં. | સર્વે / બ્લોક નંબર | ક્ષેત્રફળ (હે.આરે.ચો.મી.માં) |
|---|---|---|
| ૧ | ૩૫ | ૦-૦૮-૨૬ |
| ૨ | ૨૦૩ | ૦-૦૬-૭૮ |
| ૩ | ૨૦૩ પૈકી | ૦-૧૦-૦૮ |
| ૪ | ૨૦૨/૨ બ | ૦-૦૩-૨૫ |
| ૫ | ૨૦૨/૨ અ | ૦-૦૩-૫૫ |

| અ.નં. | સર્વે / બ્લોક નંબર | ક્ષેત્રફળ (હે.આરે.ચો.મી.માં) |
|---|---|---|
| ૬ | ૨૦૭/૧ | ૦-૦૮-૨૫ |
| ૭ | ૨૦૮/૨ | ૦-૦૨-૦૮ |
| ૮ | ૨૦૮/૩ | ૦-૦૧-૫૨ |
| ૯ | ૨૦૮/૪ | ૦-૦૧-૯૮ |
| ૧૦ | ૨૦૮/૫ | ૦-૦૨-૧૩ |
| ૧૧ | ૨૦૯ | ૦-૧૨-૯૩ |
| ૧૨ | ૨૧૦/૧ | ૦-૦૩-૭૫ |
| ૧૩ | ૨૧૦/૨ | ૦-૦૩-૨૩ |
| ૧૪ | ૨૧૧ | ૦-૦૭-૫૩ |
| ૧૫ | ૨૧૩/૪ | ૦-૦૧-૧૫ |
| **કુલ ક્ષેત્રફળ (હે.આરે.ચો.મી.માં)** | | **૦-૭૬-૪૭** |

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**પ્રેરક જે. પટેલ,**

સરકારના નાયબ સચિવ.

------------

Signature Not Verified
Signed by:BHOLUSINGH G THAKUR
Date: 2025.07.01 16:59:59 +05:30
Reason: Validate Document
Location: Government Central Press, Gandhinagar